# વાપી મહાનગરપાલિકા-વાપી

૩૯૬૧૯૧, તા-વાપી, જી-વલસાડ

(મહેકમ શાખા)

વાપી મહાનગરપાલિકા દ્વારા એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ની જોગવાઈ અનુસાર એપ્રેન્ટીસ ભરતીની કાર્યવાહી હેઠળ વિવિધ ટ્રેડમાં વિવિધ જગ્યાઓ ભરવા માટે નિયત લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે. ઉમેદવારોએ ફક્ત ઓનલાઈન માધ્યમથી તા. ૩૧/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધીમાં વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ vapicity.in પર આપવામાં આવેલ Google Form Link માં અરજીઓ કરવાની રહેશે. સદરહુ જાહેરાત અંગેની વધુ વિગતો વાપી મહાનગરપાલિકાની વેબસાઈટ vapicity.in પર ઉપલબ્ધ છે.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

નં. માહિતી/વલસાડ/૩૨૩/૨૦૨૬ — વાપી મહાનગરપાલિકા

# વાપી મહાનગરપાલિકા

## જાહેરાત

**(પરિશિષ્ટ-૧)**

ધી એપ્રેન્ટીસ એકટ-૧૯૬૧ હેઠળ વાપી મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૨૦/૦૮/૨૦૨૬ થી તા.૩૧/૦૮/૨૦૨૬ (સમય સાંજે ૦૫.૦૦ કલાક સુધી) સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | સ્ટાઈપેન્ડ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | વાયરમેન | ૦૫ | ૯૬૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| ૨ | ફીટર | ૦૫ | ૯૬૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| ૩ | ઈલેકટ્રીશ્યન | ૦૫ | ૯૬૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| ૪ | ડ્રાફટસમેન (સીવીલ) | ૦૫ | ૯૬૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| ૫ | સર્વેયર | ૦૫ | ૯૬૦૦/-<br>૧૨૩૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ /<br>બી.ઇ.સિવીલ |
| ૬ | સબ સેનેટટી ઇન્સ્પેકટર | ૦૫ | ૯૬૦૦/-<br>૧૨૩૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ /<br>SI course |
| ૭ | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસીસટન્ટ | ૦૩ | ૯૬૦૦/- | આઈ.ટી.આઈ.ટ્રેડ પાસ |
| ૮ | એકાઉન્ટ/ઓડીટ આસીસટન્ટ | ૦૨ | ૧૨૩૦૦/- | બી.કોમ |
| | કુલ | ૩૫ | | |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે મેહકમ વિભાગનો સંપર્ક કરી શકાય છે.

Google From Link:- https://forms.gle/1DaR2DfPtKQxdqq49

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

VAPI MUNICIPAL CORPORATION
સેવા સહકાર સમૃદ્ધિ

## -: એપ્રેન્ટી ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :-

1. એપ્રેન્ટીસશીપ તાલીમનો સમયગાળો સરકારશ્રીની વેબસાઈટ ઉપર જનરેટ થયેલ કોન્ટ્રાક મુજબનો રહેશે. એપ્રેન્ટીસશીપનો સમયગાળો પુર્ણ થયેથી તુરંત છુટા કરવામાં આવશે.
2. વાપી મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગતમાં ફરજિયાત eKYC અપડેટ કરવાનું રહેશે.
3. ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત અપડેટ કર્યા બાદ જ Google Form Link:- https://forms.gle/1DaR2DfPtKQxdqq49 ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.
4. ઉપરોક્ત તમામ કેડરો માટે એપોઈન્ટમેન્ટ ઓથોરીટી ને યોગ્ય જણાય તેવા માપદંડના આધારે નિમણુક આપવામાં આવશે.
5. જે તે ટ્રેડની જરૂરી લાયકાત મુજબ એક કરતા વધુ ટ્રેડમાં અરજી કરી શકાશે.
6. જો ઉમેદવાર એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ / સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.
7. એપ્રેન્ટીસને ધી એપ્રેન્ટિસ એકટ-૧૯૬૧ હેઠળ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.
8. ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ થી ઓછી અને ૩૪ વર્ષ કરતા વધારે હોવી જોઈએ નહી.
9. રૂબરૂ અથવા ટપાલથી મોકલવામાં આવેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.
10. અગાઉ કોઈપણ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરેલ ઉમેદવારોએ અરજી કરવી નહી.
11. ઈન્ટર્વ્યુ માટેની તારીખ તથા સમય અંગે ની માહિતી તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર પર જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર સાવચેતી પુર્વક દર્શાવવાના રહેશે. મોબાઈલ નંબર બદલાઈ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે વાપી મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.
12. આ જાહેરાત કોઈપણ કારણસર પુરેપુરી અથવા કોઈ કેડર માટેની અરજી રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો વાપી મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
13. ઉમેદવારની તાલીમ દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે અથવા ખોટા પ્રમાણપત્રો માલુમ પડશે અથવા અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા

VAPI MUNICIPAL CORPORATION
સેવા સત્કાર સમૃદ્ધિ